૫૭૪૨

THE NEW ROYAL PRIMER
PARTS I & II.

LITERALLY AND IDIOMATICALLY
TRANSLATED INTO GUJARATI.

For the Use of Schools and Private Students.

BY

JAMSHEDJI ASPANDIARJI CHINAI,
Under-Graduate of the Bombay University.

ધી ન્યૂ રૉયલ પ્રાઇમરનાં ભાગ ૧લા તથા ૨જાનો
શુદ્ધ ગુજરાતી તરજુમો.

જેમાં શબ્દોનાં શુદ્ધ ઉચ્ચારો, અર્થો, તથા વાકયોનું ભાષાન્તર તેમને લાગુ પડતા મૂળ અર્થો અને ભાષાની રૂઢી પ્રમાણે કરવામાં આવેલું છે.

નિશાળો અને ખાનગી અભ્યાસીઓનાં ઉપયોગને માટે.

બનાવનાર

જમશેદજી અસ્પંદીયારજી ચીનાઇ,
મુંબઈની યૂનિવર્સિટિના અંડર-ગ્રૅડ્યૂએટ.

કિંમત છ઼ડી આના.

૬૭૪૨

THE NEW ROYAL PRIMER

PARTS I. & II.

LITERALLY AND IDIOMATICALLY
TRANSLATED INTO GUJARATI.

For the Use of Schools and Private Students.

BY

JAMSHEDJI ASPANDIARJI CHINAI,
Under-Graduate of the Bombay University.

શ્રી ન્યુ રૉયલ પ્રાઇમરનાં ભાગ ૧લા તથા ૨જાનો

શુદ્ધ ગુજરાતી તરજુમો.

જેમાં શબ્દોનાં શુદ્ધ ઉચ્ચારો, અર્થો,
તથા વાક્યોનું ભાષાન્તર તેમને લાગુ પડતા મૂળ અર્થો અને ભાષાની રૂઢી પ્રમાણે કરવામાં આવેલું છે.

નિશાળો અને ખાનગી અભ્યાસીઓનાં ઉપયોગને માટે.

બનાવનાર

જમશેદજી અસ્પંદીયારજી ચીનાઇ,
મુંબઇની યૂનિવર્સિટિના અંડર-ગ્રૅડ્યૂએટ.

કિંમત છ આના.

મુંબઇ :– સરસ્વતિ પ્રિન્ટીંગ પ્રેસ.

આ ચોપડો વિષે થોડોક ખુલાસો.

અત્યાર સુધી ઈંગ્રેજી ભાષાની શરૂઆતની કેળવણી આપવાને માટે અને તેનું સેહેલું મંડાણ શીખાઉ છોકરાંઓને કરી આપવાની ધારણાથી Primer અને First Book નાં ભાષાન્તર પ્રસિદ્ધ થતાં આવેલાં છે તેને માટે એક ટુંક ખુલાસો કરવાની અત્રે રજા લઇએ છીએ, કે ઈંગ્રેજી જેવી એક પારકી ભાષા શિખવાની શરૂઆત કરવાને માટે Primer નાં તરજુમાની જે જે ચોપડીઓ હાલમાં લાંબી મુદત થઈ ચાલુ છે તે નવા શિખનારા છોકરાઓ વગર વિચાર કરવે વેચાતી લેવા મંડી જાય છે અને તેવી ચોપડીઓનો તેમને ફાયદો થવાને બદલે ઘણો ગેરફાએદો અને નુકશાન થાય છે, એ સઘલા દુરઅંદેશ કેળવણી આપનારાઓ ઘણું સારી પેઠે સમજે છે. તેવી ચોપડીઓમાંથી વગર સમજાવે તથા પોતાનાં કુમલાં મનમાં બરોબર સમજીને ઉતારવાને બદલે તેઓ Cramming ની રીતે ભરડી જાય છે, બલકે પોપટની માફક વગર વિચારે મ્હોડે કરી જાય છે, જે ઘણુંજ સખત વાંધા ભરેલું છે.

ઉપલો ખુલાસો હમારી તરફથી કરવાની એટલીજ ફરજ પડે છે કે જેવી નવા ઈંગ્રેજી શિખનારાઓને Primer અને First Book શિખવવાની શરૂઆત તેમના શિક્ષકો કરેછે કે લાગલા તે નિર્દોષ બાલકો તેવી ગેરફાયદા ભરેલી Primer ની Translation Book તરજુમાની ચોપડીઓ, **શિક્ષકોની સખત મનાઈ છતાં** વાંચવાને માટે ખરીદેછે જે વાત સર્વને જાણીતી છે. કોઈબી રીતે શિખનારા છોકરાઓ અંજાણ પણાંમાં **તેવી વાંધા ભરેલી ચોપડીઓ લેવાના તો** ખરાજ તેથી દરેક શિક્ષકની ફરજ છે કે શિખનારાઓનાં ખુદ ફાએદાને માટેજ **આ નવી વાંધા વગરના Self—Instructor નાં ધોરણપર રચેલી New Royal Primerનાં ખુલાસેવાર તરજુમાની**

ચોપડી લેવાની સઘલા નવા ઈંગ્રેજી જેવી એક પારકી ભાષા શિખ-નારા વિધાર્થીઓને મજબુત ભલામણ કરવાની હમે માનપૂર્વક અરજ કરયે છીએ.

અતરે એક સેહેજ એસારો કરવાની હમે રજા લઇએ છીએ કે આજવેર એવી એક સારી સમજણની અને સુધારેલી ધપ ઉપર રચેલી સેહેલી અને ખરી રીતે બાલકોનાં કુમલાં મગજમાં ઉતરી શકે એવી એક ચોપડીની ખુટ હતી, જે હમોએ પૂખ્ત વિચાર કરીને તેમને ફાયદો થાય તેવી નેમથીજ રચીને આએ New Royal Primer નો ગુજરાતી સમજણ સાથનો તરજુમો જાહેર પાડયો છે તેને સર્વે વિદ્વાનો અને કેળવણી આપનારાઓને **અગર જો એ ચોપડી તેમનાં પૂખ્ત વિચારમાં લાએક અને ઘટટી માલમ પડે તો** પ્રજાનાં ન્હાનાં બાલકો અને વિધાર્થીઓનાં ફાએદાને ખાતર એ ચોપડીને જરૂર ટેકો આપવો જોઇએ. કારણ કે આજવેર હમો લાંબી મૂદત થઇ જોતા આવ્યા છીએ કે ઉધરતી ઓલાદનાં નવાં ઇંગ્રેજી શિખનારાં બાલકોને માટે કોઇ એવી સહેલાં ધોરણપરની ચોપડી લખવાને કોઇબી રીતે આજવેર ધ્યાન નહીં અપાવાથી શિખાઉ છોકરાંઓનાં લાભને ખાતર આ ચોપડી બનાવવાનું હમોએ ધ્યાનપર લઇને તૈયાર કરી પ્રસિદ્ધ કીધી છે તેનો એક સેહેજ એસારો અતરે હમુંને કરવાની ફરજ છે તે હમોએ પ્રજાની વાકેફગારીને માટેજ ખુલાસેવાર જાહેર કર્યું છે.

બીજું હમે વધારે એટલુંજ કહેવા માંગ્યે છીએ કે ઉપર કહ્યું તેમ જુઓ આજે England માં અને તેનું પાયતખ્ત શહેર London માં એવાં બાલકોની શરૂઆતની લાભકારક કેળવણી ઉપર કેટલું બધુ લક્ષ મ્હોટા વિદ્વાનો આપતા જાયછે—અને આ તો એક તેવા નવા શીખાઉ છોકરાંઓને ઇંગ્રેજી જેવી એક પારકી ભાષા શીખવામાં પેહેલવેહેલાં દાખલ થાએ તેના હાથમાં પ્રથમ-થીજ આવી ઉપર જણાવેલી વાંધા ભરેલી ચોપડીઓ મુકવામાં આવે એ

ઘણુંજ દિલગીરી ભરેલું છે. માટે કોઇબી રીતે તેમનાં હાથમાં સારી છપની Primer અને First Book ના ગુજરાતી ખુલાસાની ચોપડી મુકવી જોઇએ કે સર્વે જન એકજ અવાજે કબુલ કરયા વના રહેશે નહીં–, અને તેટલાજ માટે એ હમારી ચોપડીને પ્રજા અને સઘલા સમયસૂચકતા વાલા શિક્ષકો **તેવી વાંધા ભરેલી આગલી ચોપડીઓ સાથે સરખાવી જોઇને નવાં શીખનારા છોકરાઓ અને છોકરીઓનાં ભલાને માટે** કઇ ચોપડી પસંદ કરવી તે તુરત માલમ પડી આવશે.

હવે એવી વાંધા ભરેલી હાલત નવા શીખનાર છોકરાઓ અને છો. કરીઓને માટે વધારે વાર ચાલવા દેવી એ હમારા વિચાર પ્રમાણે દુરૂસ્ત લાગતું નથી, જે બાબત અને વિચારને સઘલા સમજુ કેળવણી આપનારાઓ એક મત થશે એવી હમે ઉમેદ રાખ્યે છીએ, કારણ કે નવાં શીખનાર બેઉ વર્ગનાં છોકરાંઓ કંઇબી કરીને Primer અને First Book નાં **તેવાં ગુજરાતી ભાષાંતરની નીરઉપયોગી ચોપડીઓ લેવાનાં તો ખરાંજ** ત્યારે તેમને સીધો રસ્તો બતાવવો જોઇએ એવી કેળવણી આપનારા સઘલા શિક્ષકોની ખરી ફરજ છે એમ હમે સમજ્યે છીએ.–છોકરાંઓ આડે રસ્તે દોરવાએ તેના કરતાં તેમની ભૂલ ભાંગીને સીધે રસ્તે દોરવાએ તેમ કરવું એ વધારે અગત્યનું છે. અને તેવા મારગપર તેમને લઇ જવું એ મ્હોટા શિક્ષકોનું કામ છે. એજ નવાં ધોરણપર બનાવેલી ચોપડી સઘલે ઠેકાણે એકજ અવાજે પસંદ કીધેલી છે.

આ ચોપડીમાં કેવલ જૂદીજ રીત દાખલ કરવામાં આવી છે આગલી રીત પ્રમાણે શીખાઉ છોકરાંઓને પોતાના પાઠો પોપટની કાંની ભરડી જઇને તૈયાર કરતાં અને તે સમજવામાં ઘણીજ અડચણ અને મુશ્કેલી પડતી અને કંટાલો લાગતો હતો. આ નવી અને ઉપયોગી રીતમાં મુખ્ય મતલબ એ છે કે શીખતાં છોકરાંઓને જેમ બને તેમ ઉલટ થાય અને રસ ઉપજે, ને કંટાળો ન લાગે અને ઘણી સેહેલાઇથી પોતાનો અભ્યાસ આગળ કરતાં જાએ.

એ રીત એ છે કે દરેક વાકયને એવી બે ત્રણ તરેહથી સમજાવ્યામાં આવ્યો છે કે તેના છુટા છુટા અર્થો અને તરજુમો સેહેલાઇથી તેમના મગજમાં ઠસી બેસશે અને ઉલટથી શીખનાર છોકરાંઓ પોતાના પાઠો પાકા કરતાં જશે. વલી ઈંગ્રેજી ભાષાનાં બોલોનાં અર્થ સુદ્ધાનું પુષ્કળ ભંડોળ ટુંક વખતમાં ઘણી સેહેલાઇથી તેઓ પોતાના મનમાં એકઠું કરી શકશે કારણ કે દરેક વાકય માહેલા દરેક છુટા બોલોનો અર્થ પણ તેમની નીચેજ આપવામાં આવ્યો છે. જેમકે, આ ચોપડીને પાંને ૧૬ મે જુઓ કે પેહેલી લીટીમાં એક ઈંગ્રેજી વાકય છે, It is my hen, તેની હેઠલ બીજી લીટીમાં તેનાં ગુજરાતી શુદ્ધ ઉચ્ચારો આપેલા છે, અને ત્રીજી લીટીમાં તે વાકયનાં દરેક ઇંગ્રેજી બોલના ગુજરાતીમાં છુટા અર્થ આપેલા છે, અને ત્યારપછી ચોથી લીટીમાં તેજ ઇંગ્રેજી વાકય અને તેની હેઠલ પાંચમી લીટીમાં તેનો ગુજરાતી આખો તરજુમો આપેલો છે.

આગળ ચાલતાં કોઇ કોઇ ઈંગ્રેજી વાકયો ઘણા લાંબા અને અઘરા આવે છે તેવા દરેક વાકયના બે અથવા ત્રણ ભાગ કરવામાં આવ્યા છે અને તેઓની નીચે તેમના ગુજરાતીમાં બંધ બેસ્તા અર્થ સમજાવેલા છે અને ત્યાર પછી તે બેઉ અથવા ત્રણુડે જુદા ભાગોને સાથે જોડી દઇને તે આખા ઇંગ્રેજી વાકયની નીચે તેનો સંપુર્ણ આખો તરજુમો આપેલો છે જેથી શીખનારનાં મનમાં તે બરોબર પકી રીતે ઉતરી જશે. જેમકે જુઓ પાને ૧૦ મે, A fat cat sat on the mat, એ એક લાંબો વાકય છે તેથી ચોથી લીટીમાં તેનાં બે ભાગ કરયા છે, A fat cat sat......on the mat, અને પાંચમી લીટીમાં તેમની હેઠળ તેના ગુજરાતી અર્થ આપેલા છે, અને છેલ્લે છઠ્ઠી લીટીમાં તેમને સાથે જોડીને તેજ આખો વાકય આપેલો છે, અને સાતમી લીટીમાં તેની હેઠળ તેનો આખો તરજુમો મુકેલો છે.

આ ચોપડીમાં Literal Translation **એટલે, દરેક શબ્દનું મુળ અર્થ પ્રમાણેજ** યાને શબ્દે શબ્દનુંજ ભાષાંતર કરવાની કોશેશ કીધી છે, જેની શીખતાં છોકરાંઓને ઘણીજ જરૂર છે, અને તેને માટે આગળ થઇ ગયેલા Director of Public Instruction, E. I. Howard, Esq: M. A, એઓનની પોતાની Primerમાં શિક્ષકોને મજબુત તાકીદ કીધેલી છે કે Literal Translation તેઓએ જરૂર વિદ્યાર્થીઓને કરાવવું જોઇએ.

——:o:——

પાઠ શીખવાની રીત નીચે પ્રમાણે છે.

પેહેલે ખરા અને સાફ ઉચ્ચારો કરીને અકેક ઇંગ્રેજી વાક્ય વાંચી જવો, તે થયું કે ત્રીજી લીટીમાં તેજ વાક્યમાંનાં દરેક બોલની હેઠલ તેના છુટા છુટા અર્થો આપેલા છે તે મ્હોડે કરી જવા અને ત્યારપછી હેઠળ ચોથી લીટીમાં તેજ આખો વાક્ય અને તેની નીચેજ પાંચમી લીટીમાં તેનો આખો ગુજરાતી તરજુમો આપેલો છે તે ધ્યાન રાખીને બરોબર કરી જવાં. જ્યારે વાક્ય ઘણો લાંબો ને અઘરો હોય છે તો તેના બે જુદા ભાગ કરીને ચોથી અને પાંચમી લીટીમાં સમજાવ્યો છે તે તેના ગુજરાતી અર્થ સુદ્ધાં વાંચી જવા અને ત્યારપછીજ છઠ્ઠી અને સાતમી લીટીમાં આખો ઇંગ્રેજી વાક્ય ને તેનો તરજુમો વાંચીને તૈયાર કરવો. એજ રીતે આગલ પાઠો પાકા કરતાં જવું.

ઉપર કહેલી રીત પ્રમાણે જો પાઠો તૈયાર કરવામાં આવશે તો આગળ ચાલતાં શીખનાર છોકરાંઓ પોતાનાપાઠો પક્કા શીખ્યાં જશે ને ભૂલી જશે નહીં, અને ત્યારપછી એજરીત મુજબ જેમ જેમ તેઓનો અભ્યાસ આગળ વધતો જશે તેમ તેમ તેઓ પોતાનાં વર્ગમાં આગળ ચાલતાં ઇંગ્રેજી પાઠોનો તરજુમો પોતાની મેળેજ કરવાને શકિતવાન થશે.

ઉપલી રીતે શરૂઆતની કેળવણી આપવામાટે હમારા કેટલાક વિદ્વાન મિત્રો એકમત છે અને તે રીતની તેઓએ પસંદગી જણાવી છે.

જં. અ. ચીનાઇ.

ન્યૂ રૉયલ પ્રાઈમરના

ભાગ ૧ લાનો

ગુજરાતી તરજુમો, ઉચ્ચાર તથા મીનીંગ.

ENGLISH ALPHABET.

અંગ્રેજી મૂળાક્ષર

Capital Letters

મ્હોટા અક્ષર

A એ	**B** બી	**C** સી	**D** ડી
E ઈ	**F** એફ	**G** જી	**H** એચ
I આઈ	**J** જે	**K** કે	**L** એલ
M એમ	**N** એન	**O** ઓ	**P** પી
Q ક્યુ	**R** આર	**S** એસ	**T** ટી
U યુ	**V** વી	**W** ડબ્લ્યુ	**X** એક્સ
	Y વાઈ	**Z** ઝેડ	

Small Letters.

ન્હાના અક્ષરો.

a એ	b બી	c સી	d ડી
e ઈ	f એફ	g જી	h એચ
i આઇ	j જે	k કે	l એલ
m એમ	n એન	o ઓ	p પી
q ક્યુ	r આર	s એસ	t ટી
u યુ	v વી	w ડબલ્યુ	x એક્સ
	y વાઈ	z ઝેડ	

Capital and Small Letters.

મ્હોટા અને ન્હાના અક્ષરો.

A a એ	**B** b બી	**C** c સી
D d ડી	**E** e ઈ	**F** f એફ
G g જી	**H** h એચ	**I** i આઇ
J j જે	**K** k કે	**L** l એલ
M m એમ	**N** n એન	**O** o ઓ
P p પી	**Q** q ક્યુ	**R** r આર
S s એસ	**T** t ટી	**U** u યુ
V v વી	**W** w ડબ્લ્યુ	**X** x એક્સ
Y y વાઈ	**Z** z ઝેડ	

Script Capital and Small Letters.

લખવાના મ્હોટા અને ન્હાના અક્ષરો.

A a એ	B b બી	C c સી
D d ડી	E e ઈ	F f એફ
G g જી	H h એચ	I i આઇ
J j જે	K k કે	L l એલ
M m એમ	N n એન	O o ઓ
P p પી	Q q ક્યુ	R r આર
S s એસ	T t ટી	U u યુ
V v વી	W w ડબલ્યુ	X x એકસ

Y y વાઇ   Z z ઝેડ

1	2	3	4	5	6	7	8	9	10
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

THE NEW ROYAL PRIMER.

PART I.

નવી રૉયલ પ્રાઇમર.

ભાગ ૧ લો.

Page 4. પાનું ૪ થું.

So (સો) એમ, એવું, એટલું ; તેથી.

Go (ગો) જવું, ચાલવું.

Lo (લો) જો, જુઓ.

No (નો) નહીં, ના.

He (હી) તે, પેલો.

Be (બી) થવું, હોવું.

Me (મી) મને.

We (ઉવી) અમે, આપણે.

At (ઍટ) તરફ, બાજુ.

An (ઍન) એક, એકાદ.

Am (ઍમ) છું.

As (ઍઝ) જેમ, જેવું.

If (ઇફ) જો, અગર.

Is (ઇઝ) છે.

It (ઇટ) તે.

In (ઇન) માં, અંદર.

On (ઑન) ઉપર, પર, આગળ.

Or (ઑર) અથવા, કે, યા, નહીંતો.

Of (ઑફ) નો, ની, નું; વિશે.

Ox (ઑકસ) બળદ, બેલ.

By (બાઇ) પાસે, નજીક ; થી.

My (માઇ) મારૂં.

Up (અપ) ઊપર, પર ; ઉંચે.

Us (અસ) અમને, આપણને, હમુને.

To (ટુ) ને ; પાસે, તરફ.

Do (ડૂ) કરવું, બજાવવું.

Page 5. પાનું ૫ મું.

(1--૧).

I am in. (આઇ ઍમ ઇન.) હું છું અંદર.

Go on. (ગો ઑન.) જવું-ચાલવું આગળ.

I am in. હું અંદર છું. (બેઠો છું.)

Go on. આગળ ચાલ, ચલાવ; (ચાલો).

(2-૨.)

Is he to go in? No

(ઇઝ હી ટુ ગો ઇન?) (નો)

છે તે જવાનો અંદર. નહીં.

Is he.....................to go in.

(શું) તે છે........... ....અંદર જવાનો ?

Is he to go in?

શું તે અંદર જવાનો છે?

(૩–૩,)

He is to go on.

(હી ઇઝ ટુ ગો ઑન.)

તે છે ચાલવાનો આગળ.

He is..................to go on.

તે છે..................આગલ ચાલવાનો.

He is to go on.

તે આગળ ચાલવાનો છે.

On, on we go.

(ઑન, ઑન ઉવી ગો.)

આગળ, આગળ અમે ચાલવું.

On, on..................we go.

આગળ, આગળ...........અમે ચાલ્યે છીએ.

On, on we go.

અમે આગળ આગળ ચાલ્યે છીએ.

Page 6. પાનું ૬ ઠું.

a ઍ. at ઍટ cat કૅટ.

c	a	t	કૅટ	Cat (કૅટ) બિલાડી.
r	a	t	રૅટ	Rat (રૅટ) ઉંદર, કોળ.
m	a	t	મૅટ	Mat (મૅટ) સાદડી, ચટાઇ.

A (આ) એક, એકાદ.
Fat (ફૅટ) જાડું, દોંગું, માતેલું.
Sat (સૅટ) બેઠી.

The (ધી) તે.
Hat (હૅટ) ટોપી, ઉભી ટોપી,

---

page 7. પાનું ૭ મું

(1—૧)

A cat.
(આ કૅટ)
એક બિલાડી.

A rat.
(આ રૅટ)
એક ઉંદર.

On a mat.
(ઑન આ મૅટ).
ઉપર એક સાદડી.

On a mat.
એક સાદડી ઉપર.

(2—૨)

A	fat	cat	sat	on	the	**mat.**
(આ	ફૅટ	કૅટ	સૅટ	ઑન	ધી	મૅટ.)
એક	માતેલી	બિલાડી	બેઠી	ઉપર	તે	સાદડી.

A fat cat sat……………on the mat.
એક માતેલી બિલાડી બેઠી…………તે સાદડી ઉપર.

A fat cat sat on the mat
એક માતેલી બિલાડી તે સાદડી ઉપર બેઠી.

(3—૩)

Is	it	a	hat?
(ઇઝ	ઇટ	આ	હૅટ)
છે	તે	એક	ટોપી?

Is it…………a hat?
શું તે છે…………એક ટોપી.

Is it a hat?
શું તે ટોપી છે?

It	is	my	hat.
(ઇટ	ઇઝ	માઇ	હૅટ.)
તે	છે	મારી	ટોપી.

It is....................my hat.
તે છે....................મારી ટોપી.

It is my hat.
તે મારી ટોપી છે.

Page 8. પાનું ૮ મું.

a એ an ઍન fan ફ્રૅન.

f	a	n	ફ્રૅન
r	a	n	રૅન
m	a	n	મૅન

Fan (ફૅન) પંખો, વીનો, વિંજણો.
Ran (રૅન) દોડયો.
Man (મૅન) માણસ, આદમી, મનુષ્ય.
Pan (પૅન) પેણો, કઢાઇ.
Van (વન) માલગાડી, માલ લઇ જવાની એક મ્હોટી અને હલકી ગાડી.
To (ટુ) તરફ; પાસે, સોડે, આગળ.

Page 9. પાનું ૯ મું.

(1—૧.)

A	fan.	It	is	my	fan.
(આ	ફ્રૅન.)	(ઇટ	ઇઝ	માઇ	ફૅન.)
એક	પંખો.	તે	છે	મારો	પંખો.

It is..............my fan. It is my fan.
તે છે..............મારો પંખો. તે મારો પંખો છે.

(૨--2)

A pan. A rat in a pan.
(આ પૅન). (આ રૅટ ઇન આ પૅન)
એક પેણો. એક ઉંદર માં એક પેણો.

A rat..........in a pan. A rat in a pan.
એક ઉંદર..........એક પેણામાં. પેણામાં એક ઉંદર.

(3—૩)

The man ran to the van.
(ધી મૅન રૅન ટુ ધી વૅન.)
તે માણસ દોડયો તરફ તે ગાડી.

The man ran.........to the van.
તે માણસ દોડયો......... તે ગાડી તરફ.

The man ran to the van.
તે માણસ તે ગાડી તરફ દોડયો.

Page 10 પાનું ૧૦ મું.

a એ ap ઍપ căp કૅપ.

c	a	p	કૅપ
l	a	p	લૅપ
m	a	p	મૅપ

Cap (કૅપ) ટોપી, એકીટોપી.

Lap (લૅપ) ખોળો.

Map (મૅપ) નકશો.

Nap (નૅપ) ઝોકું, થોડીવારની ઉંગ.

Page 11. પાનું ૧૧ મું.

(1—૧.)

A	cap,	It	is	in	my	lap.
(આ	કૅપ.)	(ઇટ	ઇઝ	ઇન	માઇ	લૅપ.)
એક	ટોપી.	તે	છે	માં	મારા	ખોલો.

It is...........in my lap. It is in my lap.
તે છે...........મારા ખોલામાં. તે મારા ખોલામાં છે.

(2—૨).

A	nap.	A	cat	in	a	nap.
(આ	નૅપ.)	(આ	કૅટ	ઇન	આ	નૅપ.)
એક	ઉંગનુ ઝોકું.	એક	બિલાડી	માં	એક	ઉંગનુ ઝોકું.

A cat......in a nap.
એક બિલાડી...ઉંગના ઝોકામાં.

A cat in a nap.
ઉંગનાં ઝોકામાં એક બિલાડી.
(ઝોકું ખાતી--ઝુકતી બિલાડી.)

(3—૩).

A	map.	Go	to	the	map.
(આ	મૅપ).)	(ગો	ટુ	ધી	મૅપ.)
એક	નકશો.	જા	આગળ	તે	નકશો.

Go...... to the map.
જાઓ... ....નકશા આગળ.

Go to the map.
નકશા આગળ જાઓ.

Page 12. પાનું ૧૨ મું.

e એ   ed એડ   bed બેડ.

b	e	d	બેડ
f	e	d	ફેડ
r	e	d	રેડ

Bed (બેડ) બિછાનું, પથારી, તળાઇ.
Fed (ફેડ) ખવડાવ્યું, ખાવાનુ આપ્યું, ખીરાક-અન્ન પૂરૂપાડયું.
Red (રેડ) રાતું, લાલ.
Ned (નેડ) છોકરાનું નામ છે.
To go to bed,(ટુ ગો ટુ બેડ) સુવાજવું, સુવું, સુઇજવું.
To be fed, (ટુ બી ફેડ) ખવડાવવાનું.

Page 13. પાનું ૧૩ મુ.

(1—૧)

Ned is to go to bed.
(નેડ ઇઝ ટુ ગો ટુ બેડ.)
નેડ છે સુવા જવાનો.

Ned is to go to bed.
નેડ સુવા જવાનો છે.

(2—૨)

The cat is to be fed.
(ધી કૅટ ઇઝ ટુ બી ફેડ.)
તે બિલાડી છે ખવડાવવાનું.

The cat......is.........to be fed.
તે બિલાડી......છે.........ખવડાવવાનું.

The cat is to be fed.
બિલાડીને ખવડાવવાનું છે.

(3—૩)

My cap is a red cap.
(માઇ કૅપ ઇઝ આ રેડ કૅપ.)
મારી ટોપી છે એક રાતી ટોપી.

My cap.........is.........a red cap.
મારી ટોપી.........છે.........રાતી ટોપી.

My cap is a red cap.
મારી ટોપી રાતા રંગની (ટોપી) છે.

Page 14. પાનું ૧૪ મું.

e એ. en એન. hen હેન.

h	e	n	હેન
t	e	n	ટેન
p	e	n	પેન

Hen (હેન) મરઘી, કુકડી.
Ten (ટેન) દસ, ૧૦.
Pen (પેન) કલમ, લેખણ.
Men (મેન) માણસો, આદમીઓ. (અનેકવચનમાં.)
Den (ડેન) ગુફા, કોતર.
Ben (બેન) છોકરાનું નામ છે.
Has (હૅઝ) પાસે છે, સ્વાધીનમાં છે.

Page 15. પાનું ૧૫ મું.

(1—૧)

A hen.
(આ હેન)
એક મરઘી.

It is my hen.
(ઇટિ ઇઝ માઇ હેન.)
તે છે મારી મરઘી.

It is...............my hen.
તે છે...............મારી મરઘી.

It is my hen.
તે મારી મરઘી છે.

(2—૨)

Ten men.
(ટેન મેન)
દસ માણસો.

In a den.
(ઇનિ આ ડેન.)
એક ગુફામાં.

(3—૩)

A pen.
(આ પેન)
એક કલમ.

Ben has a pen.
(બેન હૅઝ આ પેન.)
બેન પાસે છે એક કલમ.

Ben has.........a pen.
બેન પાસે છે.........એક કલમ.

Ben has a pen.
બેન પાસે એક કલમ છે.

Page 16. પાનું ૧૬ મું.

i ઈ. ig ઇગ. pig પિગ.

p	i	g	પિગ
b	i	g	બિગ
f	i	g	ફિગ

Pig (પિગ) ડુક્કરનું બચ્ચું.
Big (બિગ) મ્હોટું.
Fig (ફિગ) અંજીર.
Gim (જિમ) છોકરાનું નામ છે.
Can (કૅન)શકવું, શક્તિવાન હોવું
Dig (ડિગ) ખોદવું, ખણવું.
Can dig(કૅન ડિગ) ખોદી શકવું.
Man (મૅન) માણસ, મનુંષ્ય, આદમી, માટીડો.
Wig (ઉવિગ) બાલની ટોપી.

Page 17. પાનું ૧૭ મું.

(1--૧)

A fat pig.
(આ ફૅટ પિગ.)
એક દોંગુ ડુક્કરનું બચ્ચું.

Go in pig.
(ગો ઇન પિગ).
જા અંદર ડુક્કરનું બચ્ચું.

Go in............pig.
અંદર જા...........ડુક્કરનાં બચ્ચાં.

Go in pig.
ડુક્કરનાં બચ્ચાં અંદર જા.

(2--૨)

Jim is big.
(જીમ ઇઝ બિગ.)
જીમ છે મ્હોટો.

He can dig.
(હી કૅન ડિગ.)
તે ખોદી શકશે.

Jim is big.
જીમ મ્હોટો છે.

He can dig.
તે ખોદી શકશે.

(3--૩)

A fig.
(આ ફિગ.)
એક અંજીર.

A man in a wig.
(આ મૅન ઇન આ ઉવિગ.)
એક માણસ માં એક બાલની ટોપી.

A man.........in a wig.
એક માણસ.......બાલની ટોપીમાં.

A man in a wig.
બાલની ટોપીમાં એક માણસ.
(બાલની ટોપી પેહેરેલો માણસ.)

Page 18. પાનું ૧૮ મું.

i ઈ in ઈન pin પિન

p	i	n	પિન	Pin (પિન) ટાંકણી, ટાંચણી.
t	i	n	ટિન	Tin (ટિન) કલાઇ, કલાઇનું પતરૂં.
s	i	n	સિન	Sin (સિન) પાપ, ગુનાહ.

Box (બૉક્સ) પેટી, દાબડો, પેટારો, દાબડી, સંદુક.
For (ફૉર) વાસ્તે, સારૂં, માટે.
Go for (ગો ફૉર)–ને વાસ્તે જવું, જઇને લાવવું, લઇ આવવું, લાવવું.
Do (ડૂ) કરવું.
Win (ઉવિન) જીતવું, ફતેહ પામવું, જીતી લેવું.
Can win (કૅન ઉવિન) જીતી શકવું.

Page 19 પાનું ૧૯ મું.

(1—૧)

The pin is in the box.
(ધ પિન ઈઝ ઈન ધ બૉક્સ.)
તે ટાંચણી છે માં તે દાબડો.

The pin.........is.........in the box.
તે ટાંચણી...........છે..........તે દાબડામાં.

The pin is in the box.
તે ટાંચણી તે દાબડામાં છે.

(2--૨)

It is a tin box.	Go for it.
(ઇટ ઇઝ આ ટિન બૉક્સ.)	(ગો ફૉર ઇટ.)
તે છે એક કલઇનું પત્રું દાબડો.	જાઓ વાસ્તે તે.
It is.........a tin box.	Go for it.
તે છે.........એક પતરાંનો દાબડો	તેને વાસ્તે જાઓ.
	(જઇને તે લાવો—લઇ આવો.)

It is a tin box.
તે પતરાંનો દાબડો છે.

(3—૩)

Do no sin.	I can win.
(ડૂ નો સિન.)	(આઇ કૅન ઉવિન.)
કરવું નહીં પાપ.	હું જીતી શકવું.
Do no sin.	I can win.
કંઇ પાપ કરતા નાં.	હું જીતી શકીશ.

Page 20. પાનું ૨૦ મું.

o ઑ   op ઑપ   top ટૉપ

t	o	p	ટૉપ	Top (ટૉપ) ભમરડો.
h	o	p	હૉપ	Hop (હૉપ) એક પગે કુદવું.
m	o	p	મૉપ	Mop (મૉપ) ધુળ અથવા કચરો સાફ કરવાનું બ્રશ, કુચડો, બુતારો, ઝાડુ, સાવરણી.

His (હિઝ) તેનું, તે પુરૂષનુ, એનું, પેલાનું.

Can (કૅન) શકવું.

Can hop (કૅન હૉપ) એક પગે કુદી શકવું.

To (ટુ) સૂધી, લગી, વેર.

To the top (ટુ ધી ટૉપ) ભમરડા સુધી.

Bob (બૉબ) છોકરાનું નામ છે.

Got (ગૉટ) કબજામાં આવ્યું, સ્વાધીનમાં લીધું,—ની પાસે આવ્યું, મેલવ્યું.,

Has got (હૅઝ ગૉટ) પાસે છે.

Page 21 પાનું ૨૧ મું.

(1—૧.)

Is it his ?	It is my top.
(ઇઝ ઇટ હિઝ ?)	(ઇટ ઇઝ માઇ ટૉપ.)
(શુ) છે તે તેનું.	તે છે મારો ભમરડો

Is it his?
શું તે તેનું છે?

No ને
નહીં.

It is.........my top.
તે છે.........મારો ભમરડો.

It is my top.
તે મારો ભમરડો છે.

(2—૨).

I can hop to the top
(આઇ કૅન હૉપ ટુ ધ ટૉપ.)
હું એક પગે કુદી શકીશ સુધી તે ભમરડો.

I can hop .... to the top
હું એક પગે કુદી શકીશ...... તે ભમરડા સુધી.

I can hop to the top
હું તે ભમરડા સુધી એક પગે કુદી શકીશ.

(3—૩)

Bob has got the mop
(બૉબ હૅઝ ગૅાટ ધ મૉપ.)
બૉબ પાસે છે તે સાવરણી.

Bob has got the mop.
બૉબની પાસે સાવરણી છે.

Page 22. પાનું ૨૨ મું.

o ઑ ox ઑક્સ box બૉક્સ

b	o	x	બૉક્સ	Box (બૉક્સ) પેટી.
f	o	x	ફૉક્સ	Fox (ફૉક્સ) કહોલું, શિયાળ.
	o	x	ઑક્સ	Ox (ઑક્સ) બળદ, એઢ.

Page 23 પાનું ૨૩ મું.

(1—૧)

The ox is in the van.
(ધી ઑક્સ ઇઝ ઇન ધ વૅન.)
(તે બળદ છે માં તે ગાડી.)

The ox...... is ......in the van.
તે બળદ ...... છે ...... તે ગાડીમાં

The ox is in the van.
તે બળદ તે ગાડીમાં છે.

(2–૨.)

The pig is in the box.
(ધ પિગ ઇઝ ઇન ધ બૉક્સ.)
(તે ડુક્કરનું બચ્ચું છે માં તે પેટી)

The pig ...... is .... in the box.
તે ડુક્કરનું બચ્ચું... છે .... પેટીમાં

The pig is in the box.
તે ડુકકરનું બચ્ચું પેટીમાં છે.

(3--૩)

The fox ran at the hen.
(ધ ફૉકસ રૅન ઍટ ધ હેન.)
તે કહોલું દોડયું તરફ મરઘી.

The fox ran ...... at the hen.
તે કહોલું દોડયું ......મરઘી તરફ

The fox ran at the hen.
તે કહોલું મરઘી તરફ દોડયું.

Page 24. પાનું ૨૪ મું.

o ઑ og ઑગ. dog ડૉગ.

d	o	g	ડૅાગ
h	o	g	હૅાગ
l	o	g	લૅાગ

Dog (ડૅાગ) કુતરો.

Hog (હૅાગ) ડુક્કર, ભૂંડ.

Log (લૅાગ) લાકડાનો કકડો, જાડું ડંગોરૂં, ઢીમરૂં.

Bog (બૅાગ) પગ પેસી જાય તેવી કાદવ કીચલની બીની ઘાસવાલી જગ્યા, દલદલ.

Sat (સૅટ) બેઠો.

Page 25. પાનું ૨૫ મું.

(1—૧,)

The cat ran to the dog.
(ધ કૅટ રૅન ટુ ધ ડૅાગ)
તે બિલાડી દોડી ગઇ આગલ તે-પેલો કુતરો.

The cat ran.........to the dog.
તે બિલાડી દોડીગઈ......પેલા કુતરા આગલ.

The cat ran to the dog
તે બિલાડી પેલા કુતરા આગળ દોડી ગઇ.

(2—૨)

The hog is in the bog.
(ધ હૅાગ ઇઝ ઇન ધ બૅાગ.)
તે ડુક્કર છે માં તે કીચલની જગ્યા.

The hog.........is.........in the bog
તે ડુક્કર.........છે.........પેલી કીચલની જગ્યામાં

The hog is in the bog.
તે ડુક્કર પેલી કીચલની જગ્યામાં છે.

(3—૩).

A dog sat on the log.
(આ ડૅાગ સૅટ ઑાન ધ લૅાગ.)
એક કુતરો બેઠો ઉપર તે-પેલો લાકડાનો કટકો.

A dog sat.........on the log
એક કુતરો બેઠો ....પેલા લાકડાનાં કટકાપર.

A dog sat on the log
એક કુતરો પેલા લાકડાંના કટકાપર બેઠો.

Page **26.** પાનું ૨૬ મું.

u અ ub અબ tub ટબ.

t	**u**	**b**	ટબ. Tub (ટબ) પીપ, પાણી ભરવાનું છાલકું લાકડાનું પીપ.
c	**u**	**b**	કબ. Cub (કબ) ચોપગાં જાનવરનું ન્હાનું બચ્ચું.
r	**u**	**b**	રબ. Rub (રબ) ચોળવું, જોરથી હાથ વડે ઘસવું.

Can rub (કૅન રબ) હાથે ચોળી શકવું.

He (હી) તે, પેલો, આ.

Sit (સિટ) બેસવું

Can sit (કૅન સિટ) બેસી શકવું.

Rug (રગ) બંનુસ, બેપડની નતરાં વાલી ઉનની ઓઢવાની કામળી, અથવા પાંથરવાનો ગાલીચો.

It (ઇટ) તે, એ.

Page **27.** પાનું ૨૭ મું.

(1—૧)

He can sit in the tub.
(હી કૅન સિટ ઇન ધ ટબ.)
તે બેસી શકશે માં તે પીપ.

He can sit.........in the tub.
તે બેસી શકશે.........તે પીપમાં.

He can sit in the tub.
તે પીપમાં બેસી શકશે.

(2--૨)

The cub is on the rug.
(ધ કબ ઇઝ ઑન ધ રગ.)
તે જાનવરનું બચ્ચું છે ઉપર તે ગાલીચો.

The cub.........is.........on the rug.
તે જાનવરનું બચ્ચું...છે.........ગાલીચાપર.

The cub is on the rug.
તે જાનવરનું બચ્ચું ગાલીચાપર છે. (બેઠું છે.)

He can rub it in the tub.
(હી કૅન રબ ઇટ ઇન ધ ટબ.)
તે ચોલી શકશે તે માં તે પીપ.

H can rub it.........in the tub.
તે તેને ચોલી શકશે......... પીપમાં.

He can rub it in the tub.
તે તેને પીપમાં હાથે ચોળી શકશે.

Page 28 પાનું ૨૮ મું.

u અ   un અન   sun સન.

s	u	n	સન	Sun (સન) સૂરજ, સૂર્ય.
r	u	n	રન	Run (રન) દોડવું, દોડતાં જવું—આવવું.
g	u	n	ગન	Gun (ગન) બંદુક.

Can run (કૅન રન) દોડી શકવું.
Get up (ગૅટ અપ) ઉઠવું, જાગવું; ઉભા થવું.
Up (અપ) ઊંચી-ઉગેલી સ્થિતિમાં, (સુર્યનું) ઉંચે આવવું, ઉગવું થવું.

For (ફૅાર) માટે, વાસ્તે, સારૂં.
Bun (બન) મીઠી પૂરી, ઘઉંનો મેંદો-ઘી ખાંડ વગેરે સાથે મેળવીને ઘણા ઘીમાં તળેલી પુરી.

Page 29 પાનું ૨૯ મું.

(1 – ૧)

Get up (ગૅટ અપ) ઉઠો-જાગ્રત થાઓ.
The sun is up
(ધી સન ઇઝ અપ)
સૂરજ છે ઉપર આવેલો-ઉગેલો.

The sun is up.
સૂરજ ઉગ્યો છે.

(2 – ૨)

Go run for the gun.
(ગો, રન ફૅાર ધ ગન.)
જાઓ, દોડો માટે બંદુક.

Go, run.........for the gun.
જાઓ, દેડો.........બંદુકને માટે.

Go, run for the gun.
જાઓ, બંદુકને માટે દોરો. (દોડતા જઈને બંદુક લાવો.)

(૩—૩)

Tom can run for a bun.
(ટૉમ કૅન રન ફૉર આ બન.)
ટૉમ દોડી શકશે વાસ્તે એક મીઠીપૂરી.

Tom can run.........for a bun
ટૉમ દોડી શકશે.........મીઠી પૂરીને વાસ્તે.

Tom can run for a bun.
ટૉમ મીઠીપૂરીને વાસ્તે દોડી શકશે.

Page 30 પાનું ૩૦ મું.

u અ ut અટ nut નટ.

n	**u**	**t**	નટ.	Nut (નટ) ફળ, સખત કોટલાં વાળું ફળ.
c	**u**	**t**	કટ.	Cut (કટ) ચીરેલું, કાપેલું, ચીરયું.
h	**u**	**t**	હટ.	Hut (હટ) ઝુપડી, છાપરી, ખો-પડું, ઝુંપડું.

His (હીઝ) તેનું, એનુ, પેલાનુ, તે પુરૂષનું.
Lip (લિપ) હોઠ.

Have (હૅવ) (પ્રેરક ભેદમાં) એટલે કંઇ ચીજ થાય, અને તેમ બીજાની પાસે કરાવવી.

(I-૧)

He has a nut in his cap.
(હી હૅજ઼ આ નટ ઇન હિઝ કૅપ.)
તેની પાસે છે એક કોટલાંવાળુ ફળ. માં તેની ટોપી

He has a nut .... in his cap.
તેની પાસે એક કોટલાંવાળુ ફળ છે. ... તેની ટોપીમાં

He has a nut in his cap.
તેની પાસે તેની ટોપીમાં એક કોટલાંવાળુ ફળ છે.

(2--૨)

The dog ran to the hut.
(ધ ડૉગ રૅન ટુ ધ હટ.)
તે કુતરો દોડયો તરફ તે ઝુંપડી.

The dog ran.........to the hut.
તે કુતરો દોડયો.........તે ઝુંપડી તરફ.

The dog ran to the hut.
તે કુતરો તે ઝુંપડી તરફ દોડયો.

(3--૩)

He has had his lip cut.
(હી હૅઝ હૅડ હીઝ લિપ કટ.)
તેને (કરાવ્યો) છે પોતાનો હોઠ ચીરેલો.

He has had his lip cut.
તેણે પોતાનો હોઠ ચીરાવ્યો છે. (ચીરાએલોછે)-(કોઇ બીજાના હાથે.)

ન્યૂ રૉયલ પ્રાઈમરનાં

ભાગ ૨ જાનો

શુદ્ધ ગુજરાતી તરજુમો, ઉચ્ચાર, તથા મીનીંગ.

ENGLISH ALPHABET.

અંગ્રેજી મૂળાક્ષર

Capital and Small Letters.

મ્હોટા અને ન્હાના અક્ષરો.

A a એ	**B b** બી	**C c** સી
D d ડી	**E e** ઈ	**F f** એફ્
G g જી	**H h** એચ	**I i** આઈ
J j જે	**K k** કે	**L l** એલ
M m એમ	**N n** એન	**O o** ઓ
P p પી	**Q q** કયુ	**R r** આર
S s એસ	**T t** ટી	**U u** યુ
V v વી	**W w** ડબલ્યુ	**X x** એક્સ
Y y વાઈ	**Z z** ઝેડ	

Script Capital Letters

લખવાના મ્હોટા અક્ષરો.

A	એ	*B*	બી	*C*	સી	*D*	ડી
E	ઈ	*F*	એફ	*G*	જી	*H*	એચ
I	આઇ	*J*	જે	*K*	કે	*L*	એલ
M	એમ	*N*	એન	*O*	ઓ	*P*	પી
Q	ક્યુ	*R*	આર	*S*	એસ	*T*	ટી
U	યુ	*V*	વી	*W*	ડબ્લ્યુ	*X*	એક્સ
Y	વાઈ	*Z.*	ઝેડ				

Script Small Letters.

લખવાના ન્હાના અક્ષરો.

a એ   *b* બી   *c* સી   *d* ડી

e ઈ   *f* એફ   *g* જી   *h* એચ

i આઈ   *j* જે   *k* કે   *l* એલ

m એમ   *n* એન   *o* ઓ   *p* પી

q ક્યુ   *r* આર   *s* એસ   *t* ટી

u યુ   *v* વી   *w* ડબલ્યુ   *x* એક્સ

y વાઇ   *z.* ઝેડ

THE NEW ROYAL PRIMER.

PART II.

નવી રૉયલ પ્રાઈમર.

ભાગ ૨ જો.

Page 33. પાનું 33 મું.

This (ધિસ) આ, એ.
Ann (ઍન) છોકરીનું નામ છે.
With (ઉવિથ) સાથે, સંગાતે.
Her (હર) તેણીનું, તેનું; પેલીનું.
Doll (ડૉલ) ઢીંગલી, પુતલી.
She (શી) તે (સ્ત્રી), પેલી, તેણી.
Holds (હોલ્ડઝ) પકડી રાખે છે, પકડે છે, ધરી રાખે છે.
Back (બૅક) પીઠ, વાંસો, બરડો.
Of (ઑફ) નો, ની, નું; વિશે.
Old (ઓલ્ડ) ઘરડું, બુઢું, જર્ઈફ.

Page 33. પાનું 33 મું.

(1-૧)

This is Ann with her doll.
(ધિસ ઇઝ ઍન ઉવિથ હર ડૉલ.)
આ છે ઍન સાથે પોતાની ઢીંગલી.

This is Ann............with her doll.
આ ઍન છે...........પોતાની ઢીંગલી સાથે.

This is Ann with her doll,
આ ઍન પોતાની ઢીંગલી સાથે છે. (રમે છે.)

(2-૨)

She holds it on the back of the old dog.
(શી હોલ્ડઝ ઇટ ઑાન ધ બૅક ઑાફ ધી ઓલ્ડ ડૉગ.)
તે પકડી રહીછે તે ઉપર પીઠ ની તે-પેલો બુઢ્ઢો કુતરો.

She holds it.........on the back.........of the old dog.
તે તેને પકડી રહી છે......પીઠ ઉપર...............પેલા બુઢ્ઢા કુતરાની.

She holds it on the back..............of the old dog.
તે તેને પીઠ ઉપર પકડી રહી છે.................પેલા બુઢ્ઢા કુતરાની.

She holds it on the back of the old dog,
તે તેને પેલા બુઢ્ઢા કુતરાની પીઠ ઉપર પકડી રહી છે.

Page 34. પાનું 34 મું.

The hen (ધી હેન)

મરઘી.

A (આ) એક, એકુ.	Egg (એગ) ઇંડું, બેદું.
Fat (ફૅટ) માતેલું, જાડું, દોંગું, ચરબીદાર.	Bid (બિડ) હુકમ કરવો, કેહેવું, ફરમાવવું.
An (ઍન) એક, એકુ.	Get (ગેટ) મેલવવું, લાવવું.

Page 34. પાનું 34 મું.

(1-૧)

Ben has a hen.
(બેન હૅઝ આ હેન)
બેન પાસે છે એક મરઘી.

It is a fat hen.
(ઇટ ઇઝ આ ફૅટ હેન).
તે છે એક માતેલી મરઘી.

Ben has a hen.
બેનની પાસે એક મરઘી છે.

It is a fat hen.
તે એક માતેલી મરઘી છે.

(2–૨)

Ben fed the hen.
(બેન ફેડ ધ હેન).
બેન ખવડાવ્યું તે મરઘી.
Ben fed the hen.
બેને તે મરઘીને ખવડાવ્યું.

The hen has an egg.
(ધી હેન હૅઝ ઍન એગ).
તે મરઘી પાસેછે એક ઇંડું.
The hen has......an egg.
તે મરઘી પાસે છે......એક ઇંડું.

The hen has an egg.
તે મરઘી પાસે એક ઇંડું છે.

(3–૩)

Bid Ben get the egg.
(બિડ બેન ગેટ ધી એગ.)
કહેવું બેન લાવવું તે ઇંડું.

Bid Ben......get the egg.
બેનને કહો......તે ઇંડું લાવવાને.

Bid Ben get the egg.
બેનને તે ઇંડું લાવવાને કહો.

Page 35. પાનું ૩૫ મું.

The fox (ધી ફૉક્સ)

કોહોલું.

Tom (ટૉમ) છોકરાનું નામ છે.
Sun (સન) સૂરજ, સૂર્ય, તડકું.
Ran (રૅન) દોડયો, દોડી ગયો, નાઠો, ન્હાસી ગયો.

By (બાઇ) પાસેથી, પાસે થઇને; પાસે, નજીક, લગોલગ.
Get (ગેટ)–ને મળવું, મેળવવું.
Do (વર્તમાન કાળ છે, એનો ભૂત કાળ did થાય છે.)

Do અને did એ શબ્દો સહાય કારક તરીકે, એટલે, બીજા ક્રિયાપદની સાથે મદદે રહીને બહુ વપરાય છે.)

Did get (ડિડ ગેટ)–ને મળ્યું, મેળવ્યું, પકડયું.

Page 35. પાનું ૩૫ મું.

(1–૧)

Tom has a dog.
(ટૉમ હૅઝ આ ડૉગ.)
ટૉમ પાસેછે એક કુતરો.

Tom has a dog.
ટૉમ પાસે એક કુતરો છે.

It sat in the sun.
(ઇટ સૅટ ઇન ધ સન.)
તે બેઠો માં તડકું.

It sat..........in the sun.
તે બેઠો..........તડકામાં.

It sat in the sun.
તે તડકામાં બેઠો.

(2–૨)

A fox ran by.
(આ ફૉક્સ રૅન બાઇ.)
એક કોહોલું દોડી ગયું પાસેથી.

A fox ran by.
એક કોહોલું પાસેથી દોડી ગયું.

The dog ran at the fox.
(ધ ડૉગ રૅન ઍટ ધ ફૉક્સ.)
તે કુતરો દોડયો તરફ તે-પેલું કોહોલું.

The dog ran..........at the fox.
તે કુતરો દોડયો..........પેલાં કોહોલાં તરફ.

The dog ran at the fox.
તે કુતરો પેલાં કોહોલાં તરફ દોડયો.

(૩-ડ)

The fox ran. The fox ran.
(ધ ફૉક્સ રૅન.) પેલું કોહોલું ન્હાસી ગયું.
તે-પેલું કોહોલું ન્હાસી ગયું.

The dog did not get it.
(ધ ડૉગ ડિડ નૉટ ગેટ ઇટ)
તે-પેલો કુતરો મળ્યું નહી-પકડયું નહીં તે.

The dog did not get it.
પેલા કુતરાને તે મળ્યું નહીં (તેને પકડી શકયો નહીં.)

Page 36. પાનું ૩૬ મું.

a ઍ. and ઍન્ડ. hand હૅન્ડ.

h	a	n	d	હૅન્ડ- Hand (હૅન્ડ) હાથ; ઘડીઆલનો કાંટો.
s	a	n	d	સૅન્ડ. Sand (સૅન્ડ) રેતી.
b	a	n	d	બૅન્ડ. Band (બૅન્ડ) પટી, પટો, બંધ, દોરી.

Red (રેડ) રાતું, લાલ.
Let (લેટ) દેવું, રજા-પરવાનગી આપવી.
let એ બોલ આજ્ઞાર્થ રૂપમાં બોલ્યે છીએ, ત્યારે વિનંતિ અથવા અરજ કરતા હોઇએ તેવી રીતના અર્થમાં બોલાયછે. જેમ કે.

Let us go (લેટ અસ ગો) ચાલો આપણે જઇએ.
Us (અસ) આપણને, અમને.
And (ઍન્ડ) અને, તથા, ને.
Dig (ડિગ) ખોદવું, ખણવું.

Page 37. પાનું ૩૭ મું.

(1-૧)

The red cap is in my hand.
(ધ રેડ કૅપ ઇઝ ઇન માઇ હૅન્ડ.)
તે રાતી ટોપી છે માં મારૂં હાથ.

The red cap..........is..........in my hand.
તે રાતી ટોપી............છે.........મારા હાથમાં.

The red cap is in my hand.
તે રાતી ટોપી મારા હાથમાં છે.

(2-૨)

Let us go and dig in the sand.
(લેટ અસ ગો ઍન્ડ ડિગ ઇન ધ સૅન્ડ.)
ચાલો આપણે જઇએ અને ખોદવું માં રેતી.

Let us go..................and dig in the sand.
ચાલો આપણે જઇએ.........અને રેતીમાં ખોદીએ.

Let us go and dig in the sand.
ચાલો આપણે જઇને રેતીમાં ખોદીએ. (ખાડો)

(૩–૩)

Tom has a band on his cap.
(ટૅામ હૅઝ આ બૅન્ડ ઑાન હિઝ કૅપ.)
ટૅામ પાસેછે એક પટી ઉપર તેની ટોપી.

Tom has.........a band.........on his cap.
ટૅામને છે............એક પટી.........તેની ટોપી ઉપર.

Tom has a band on his cap.
ટૅામની પોતાની ટોપી ઉપર એક પટી છે. (ટૅામની ટોપીપર એક પટી છે.)

Page 38. પાનું ૩૮ મું.

e એ. ell એલ. bell બેલ.

b	e	ll	બેલ.	Bell (બેલ) ઘંટ, ઘંટડી, ઘંટ.
f	e	ll	ફેલ.	Fell (ફેલ) પડયું, પડીગયું, નીચે પડયું.
w	e	ll	ઉવેલ	Well (ઉવેલ) કુવો, વાવ.

That (ધૅટ) તે, પેલું.
Tell (ટેલ) કહેવું, જણાવવું, ખબર કરવી.
As (ઍઝ) જેવું, જેમ, (જેવું—તેવું.)

Page 39. પાનું ૩૯ મું.

(1–૧)

That is the bell.
(ધૅટ ઇઝ ધ બેલ.)
તે છે ઘાંટ.

That is the bell.
તે ઘાંટ છે.

Tell Ben.
(ટેલ બેન).
કહેવું બેન.

Tell Ben.
બેનને કહો.

(1–૨)

Ned fell as he ran to the dog.
(નેડ ફેલ ઍઝ હી રૅન ટુ ધ ડૉગ.)
નેડ પડયો જેવો તે દોડયો તરફ તે કુતરો.

Ned fell.........as he ran.........to the dog.
નેડ પડયો...........જેવો તે દોડયો તેવો.......તે કુતરા તરફ.

Ned fell as he ran.........to the dog.
નેડ જેવો દોડયો તેવોજ પડયો.........તે કુતરા તરફ.

Ned fell as he ran to the dog.
નેડ જેવો તે કુતરા તરફ દોડયો તેવોજ પડયો.

(3–૩)

The cat is in the well.
(ધ કૅટ ઇઝ ઇન ધ ઉવેલ.)
તે બિલાડી છે માં તે કુવો.

The cat ......is......in the well
તે બીલાડી......છે......તે કુવામાં.

The cat is in the well.
તે બિલાડી કુવામાં છે. (કુવામાં પડી છે.)

Page 40 પાનું ૪૦ મું.

i ઇ. ip ઇપ. ship શિપ.

Ship શિપ.

sh	i	p	શિપ.	Ship (શિપ) વહાણ.
ch	i	p	ચિપ.	Chip (ચિપ) છોડું. ચીપ, છોડીયું
wh	i	p	ઉહિપ.	Whip (ઉહિપ) ચાબકો, ચાબક·

Will (ઉવિલ) એ શબ્દ સહાયકારક, એટલે બીજા ક્રિયાપદની સાથે મદદ કરનારો છે. એ ભવિષ્યકાળ, એટલે આવતા વખતમાં જે બનવાનું તે બતાવે છે. એની નીશાની,-શે,-શો,-શું,-શ થાય છે, જેમ કે,

Go (ગો) એટલે, જવું, અને
Will go એટલે, જશે.
Cut (કટ) કાપ્યું, વાઢયું.
From (ફ્રોમ)-માંથી,-થી.

Page 41. પાનું ૪૧ મું.

(1—૧)

Ben will go in the ship.
(બેન વિલ ગો ઇન ધ શિપ.)
બેન જશે માં તે વહાણ.

Ben will go.........in the ship.
બેન જશે..............તે વહાણમાં.

Ben will go in the ship.
બેન તે વહાણમાં જશે. (વહાણમાં બેસીને.)

(2-૨.)

He cut a chip from a log.
(હી કટ આ ચિપ ફ્રૉમ આ લૉગ.)
તે કાપ્યું એક છોડું માંથી એક લાકડાનો કટકો.

He cut a chip.........from a log.
તેણે એક છોડું કાપ્યું.........એક લાકડાનાં કટકામાંથી.

He cut a chip from a log.
તેણે લાકડાનાં કટકામાંથી છોડું કાપી કાઢ્યું.

(3-૨.)

Tom has a top and a whip.
(ટૉમ હૅઝ આ ટૉપ ઍન્ડ આ વ્હિપ.)
ટૉમ પાસે છે એક ભમરડો અને એક ચાબકો.

Tom has.........a top and a whip.
ટોમ પાસે છે......એક ભરડો અને એક ચાબકો.

Tom has a top and a whip.
ટોમ પાસે એક ભમરડો અને એક ચાબકો છે.

Page 42. પાનું ૪૨. મું
o ઑ. ock ઑક. rock રૉક.

rock. રૉક.

r	o	ck	રૉક	Rock (રૉક) ખડક.
l	o	ck	લૉક	Lock (લૉક) તાળું, કળ.
s	o	ck	સૉક	Sock (સૉક) પગનું ન્હાનું મોજું, પગનું અર્ધું મોજું.

Up (અપ) ઉંચે, ઉપર.
Box (બૉક્સ) પેટી, પેટારો, દાબડો, દાબડી.
Not (નૉટ) નહીં, નથી.

Page 43. પાનું ૪3 મું.

(1–૧)

I am up on the rock.
(આઇ ઍમ અપ ઑન ધ રૉક.)
હું છું ઉંચે ઉપર તે ખડક.

I am up.........on the rock.
હું ઉંચે છું.........ખડક ઉપર.

I am up on the rock.
હું ઉંચે ખડક ઉપર છું.

(2-૨.)

The box has no lock
(ધ બૉકસ હૅઝ નો લૉક.)
તે પેટી છે નહી તાલું.

The box......has no......lock.
તે પેટી ......છે નહી=નથી......તાળું.

The box has no lock.
તે પેટીને તાળું નથી.

This is not my sock.
(ધિસ ઇઝ નૅાટ માઈ સૅાક.)
આ છે નથી મારૂં મોજું.

This.... .is not.........my sock.
આ ......છે નથી=નથી...મારૂં મોજું.

This is not my sock.
આ મારૂં મોજું નથી.

Page 44. પાનું ૪૪ મુ.

u અ   uck અક   duck ડક.

duck ડક.

d	u	ck	ડક	Duck (ડક) બતક.
t	u	ck	ટક	Tuck (ટક) ઢાંકવું–લપેટવું; વીટાલવું–ચાલવું.
s	u	ck	સક	Suck (સક) ચુસવું; દાંતે ધરી ઓઠ વડે એકાદી વસ્તુમાંથી રસ, પાણી અથવા પ્રવાહી ખેંચી લેવું; ધાવવું.

At (ઍટ) આગલ, પાસે, નજદીક.
Pond (પૉન્ડ) તળાવ, હોજ, કુંડ.
Bed (બેડ) બિછાનું, પથારી.
Pen (પેન) કલમ, લેખણ.
Do (ડૂ) એ શબ્દ આજ્ઞાર્થ રૂપમાં અરજ, ફરમાસ, અથવા હુકમ કરવાને અર્થે પણ વપડાય છે, જેમકે, do not suck ચુસતા ના.

Page 45. પાનું ૪૫ મું.

(1-૧.)

The duck is at the pond.
(ધિ ડક ઇઝ ઍટ ધ પૉન્ડ.)
તે બતક છે આગલ તે તલાવ.

The duck......is......at the pond.
તે બતક....,....છે......તે તલાવ આગળ.

The duck is at the pond.
તે બતક તે તલાવ આગલ છે.

(2-૨.)

Tuck me in. (ટક મી ઇન.) લુગડામાં લપેટવું મને માં.

Tuck me in.
મને લુગડાં ઓઢારીને માહે લપેટો.

I am in bed. (આઇ ઍમ ઇન બેડ.) હું છું માં બિછાનું.

I am in bed.
હું બિછાનામાં છું. (સુતો છું.)

(3-૩)

Do not suck the pen. (ડુ નૉટ સક ધ પેન.) નહીં ચુસવું કલમ.

Do not suck......the pen
ચુસતા ના............કલમ.

Do not suck the pen.
કલમ ચુસતા ના.

Page 46. પાનું ૪૬ મું.

My hat માઇ હૅટ.
મારી ટોપી.

Ha (હા!) હા હા! વાહ વાહ!
Big (બિગ) મોટું.
Hold (હોલ્ડ) પકડવું, ધરવું, ઝાળવું.
Up (અપ) ઉંચે.

Hold up (હોલ્ડ અપ) ઉંચે પકડી રાખવું, ઉંચકી રાખવું.
With (વિથ) થી, થકી, વડે.
Hands (હૅન્ડઝ) હાથ. (અનેક વચનમાં.)

Page 46. પાનું ૪૬ મું.

(1-૧)

Ha ! ha ! ha ! This is not my cap.
(હા ! હા ! હા ! ધિસ ઇઝ નૉટ માઈ કૅપ.)
આ છે નથી મારી ટોપી.

This......is not...... my cap
આ.........નથી.........મારી ટોપી.

Ha ! ha ! ha ! This is not my cap.
હા ! હા ! હા ! આ મારી ટોપી નથી.

It is a big hat.
(ઇટ ઇઝ આ બિગ હૅટ.)
તે છે એક મ્હોટી ઉભીટોપી

It is...a big hat.
તે છે ...એક મ્હોટી ઉભીટોપી.

It is a big hat.
તે એક મ્હોટી ઉભી ટોપી છે.

(2-૨)

I hold it up with my hands.
(આઇ હોલ્ડ ઇટ અપ ઉવિથ માઇ હૅન્ડઝ.)
હું પકડી રાખવું તે ઉંચે થી–વડે મારા હાથ.

I hold it up..............with my hands.
હું તેને ઉંચે પકડી રાખું છું.....મારા હાથવડે.

I hold it up with my hands.
હું તેને મારા હાથવડે ઉંચે પકડી રાખું છું.

(3-૩)

Ha! ha! I am a man with a big hat.
(હા! હા! આઇ ઍમ આ મૅન ઉવિથ આ બિગ હૅટ.)
હું છું એક માણુસ સાથે એક મ્હોટી ટોપી.

Ha! ha! I am a man............with a big hat.
હા! હા! હું એક માણુસ છું............એક મ્હોટી ટોપી સાથનો.

Ha! ha! I am a man with a big hat.
હા! હા! હું એક મ્હોટી ટોપી સાથનો માણુસ છું. (ટોપી પહેરેલો.)

Page. 47. પાનું ૪૭ મું.

Ann and her cat.
એન અને તેની બિલાડી.

Had (હૅડ) પાસે હતું.
Was (ઉવૉઝ) હતું.
Black (બ્લૅક) કાળું, સિહા.
Fed (ફ્રેડ) ખવડાવ્યું, પાળ્યું, પોષણ કીધું.
Milk (મિલ્ક) દુધ.
Fed with milk (ફેડ ઉવિથ મિલ્ક) દુધનો ખોરાક ખવડાવ્યો, દુધ પાયું.
Dish (ડિશ) રકાબી, ખાણું મુકવાની રકાબી, થાળી.
Then (ધેન) પછી, ત્યારપછી.
Went (ઉવેન્ટ) ગયું (went એ, go (જવું) નો ભૂતકાળ છે.)
Nap (નૅપ) થોડીવારની ઉંઘ; ઝોકું; થોડીવાર ઉંઘાઇ ઉઠવું તે.
Had (હૅડ) લીધું (ઝોકું.)
Had a nap એક ઝોકું લીધું.

Page 47. પાનું ૪૭ મું.

(1–૧)

Ann had a cat. (ઍન હૅડ આ કૅટ.) ઍન પાસે હતી, એક બિલાડી.

Ann had a cat. ઍન પાસે એક બિલાડી હતી.

It was a black cat. (ઇટ વૉઝ આ બ્લૅક કૅટ.) તે હતી એક કાળી બિલાડી

It was......a black cat. તે હતી ......એક કાળી બિલાડી.

It was a black cat. તે કાળી બિલાડી હતી.

(2–૨.)

She fed it with milk from a dish.
(શી ફિડ ઇટ વિથ મિલ્ક ફ્રૉમ આ ડિશ.)
તેણી ખવડાવ્યું તે થી દુધ માંથી એક રકાબી.

She fed it with milk......................from a dish.
તેણીએ તેને દુધનો ખોરાક ખવડાવ્યો (દુધ પાયું)...એક રકાબીમાંથી.

She fed it with milk from a dish.
તેણીએ તેને રકાબીમાંથી દુધ પાયું.

(3–૩)

Then it went and had a nap on the rug.
(ધેન ઇટ વેન્ટ ઍન્ડ હૅડ આ નૅપ ઑન ધ રગ.)
ત્યારપછી તે ગઇ અને લીધું એક ઝોકું ઉપર તે ગલીચો.

Then it went...and had a nap......on the rug.
ત્યારપછી તે ગઇ...અને એક ઝોકું લીધું...ગલીચા ઉપર.

Then it went and had a nap on the rug.
ત્યારપછી તે ગયા અને ગલીચાપર એક ઝોકું લીધું.

Page 48. પાનું ૪૮ મું.

ai એ   ail એલ   pail પેલ

pail પેલ.

p	ai	l	પેલ.	Pail (પેલ) ડોલ, પીપ, ખુલ્લાં મ્હોનું વાસણ.
s	ai	l	સેલ.	Sail (સેલ) વહાણમાં બેસીને જવું, વહાણમાં જળમાર્ગે જવું; સઢ, સઢ.
t	ai	l	ટેલ.	Tail (ટેલ) પૂછડી.

Will sail (વિલ સેલ) જલમાર્ગે જશે. | Long (લૉંગ) લાંબું.

Page 49. પાનું ૪૯ મું.

(1-૧)

The pail is at the well.
(ધ પેલ ઇઝ ઍટ ધી વેલ.)
તે ડોલ છે આગલ તે કુવો.

The pail......is......at the well.
તે ડોલ........છે......કુવા આગલ.

The pail is at the well.
તે ડોલ કુવા આગલ છે.

(2–૨)

Ben will sail in the ship.
(બેન ઉવિલ સેલ ઇન ધ શિપ.)
બૅન વહાણુમાં બેસીને જશે માં તે વહાણુ.

Ben will sail............in the ship.
બેન બેસીને જશે............તે વહાણુમાં.

Ben will sail in the ship.
બૅન વહાણુમાં બેસીને જશે

(3–૩)

My dog has a long tail.
(માઇ ડૅાગ હૅઝ આ લૅાગ ટેલ.)
મારો કુતરો છે એક લાંબી પૂછડી.

My dog has.........a long tail.
મારા કુતરાને છે.......... લાંબી પૂછડી.

My dog has a long tail.
મારા કુતરાને લાંબી પૂછડી છે.

Page 50 પાનું ૫૦ મું.

ee ઈ. eep ઈપ. sheep શીપ.

sheep શીપ.

sh	ee	p	શીપ.	Sheep (શીપ) મેઢું, ઘેટું.
k	ee	p	કીપ.	Keep (કીપ) રાખવું, કબજામાં ધરી રાખવું; પકડી રાખવું: અ-ટકાવવું, દૂર રાખવું.
w	ee	p	ઉવીપ.	Weep (ઉવીપ) રડવું, આંસુ પાડવાં.

Hill (હિલ) ટેકરી, ડુંગર.

Sleep (સ્લીપ) સુવું, નિંદ્રા-લેવી, ઉંઘવું.

Page 51. પાનું ૫૧ મું.

(1-૧.)

The sheep is on the hill.
(ધ શીપ ઈઝ ઑન ધ હિલ)
તે મેઢું છે ઉપર તે-પેલી ટેકરી.

The sheep......is.........on the hill.
તે મેંઢું........છે..........પેલી ટેકરી ઉપર.

The sheep is on the hill.
તે મેંઢું પેલી ટેકરી ઉપર છે.

(2–૨.)

Keep the dog from the sheep.
(કીપ ધ ડૉગ ફ્રૉમ ધ શીપ.)
દુર રાખવું તે કુતરો થી તે મેંઢું.

Keep the dog.........from the sheep.
તે કુતરાને દુર રાખો ....પેલાં મેંઢાંથી.

Keep the dog from the sheep.
તે કુતરાને પેલાં મેંઢાથી દૂર રાખો.

(3–૩.)

Do not weep.
(ડૂ નૉટ ઉવીપ)
ના રડવું.

Do not weep.
રડો ના.

go to sleep.
(ગો ટુ સ્લીપ.)
જાઓ સુવાને

Go to sleep.
સુઇ જાઓ.

Page 52. પાનું ૫૨. મું

i આઇ ite આઇટ kite કાઈટ.

kite કાઇટ.

k	i	te	કાઈટ. Kite (કાઇટ) પતંગ; કનકવો.
b	i	te	બાઇટ, Bite (બાઈટ) કરડવું, કડવું, બચકું ભરવું,
wh	i	te	ઉવ્હાઈટ. White (ઉવ્હાઇટ) સફેત, ઉજ-ળું, ધોળું.

Air (એર) હવા, પવન.
Pat (પૅટ) ધીમે હાથે ઠોકવું, પીઠ ઠોકવી.
It (ઇટ) તે, એ.
Will bite (ઉવિલ બાઇટ) કરડશે.
Sail (સેલ) વહાણનો સઢ, સઢ.

Page 53. પાનું ૫૩ મું.

(1-૧)

The kite is up in the air.
(ધ કાઇટ ઇઝ અપ ઇન ધી એર.)
તે પતંગ છે ઉંચે માં હવા.

The kite is up.........in the air.
તે પતંગ ઉંચે છે.......,...હવામાં

The kite is up in the air.
તે પતંગ ઉંચે હવામાં છે. (ઉડે છે.)

(2-૨.)

Pat the dog.
(પૅટ ધ ડૉગ.)
પીઠ ઠોકવી તે કુતરો.

Pat the dog.
તે કુતરાની પીઠ ઠોકો.

It will not bite.
(ઇટ ઉવિલ નૉટ બાઇટ.)
તે -શે નહીં કરડવું.

It will not bite.
તે કરડશે નહી.

The ship has a white sail.
(ધ શિપ હૅઝ આ ઉવ્હાઇટ સેલ.)
તે વહાણ છે એક સફેત સઢ.

The ship has............a white sail
તે વહાણુને છે...............સફેત સડ.

The ship has a white sail.
તે વહાણુને સફેત સડ છે.

Page 54. પાનું ૫૪ મું.

oa ઓ   oat ઓટ   boat બોટ

boat બોટ.

b	oa	t	બોટ.	Boat (બોટ) મછવો, હોડી.
c	oa	t	કોટ.	Coat (કોટ) ડગલો, અંગરખો.
g	oa	t	ગોટ.	Goat (ગોટ) બકરો, બોકડ, બકરૂં.

Flag (ફ્લૅગ) વાવટો, નિશાન, ઝુંડો, ધજા. | Rock (રૉક) ખડક, ખરાબો.

The boat has a red flag
(ધ બોટ હૅઝ આ રેડ ફ્લૅગ.)
તે મછવો છે એક રાતો વાવટો.

The boat has.........a red flag.
તે મછવાને છે...........રાતો વાવટો.

The boat has a red flag.
તે મછવાને રાતો વાવટો છે.

My coat is in the box.
(માઇ કોટ ઇઝ ઇન ધ બૉકસ.)
મારો ડગલો છે માં તે પેટી.

My coat.........is.........in the box.
મારો ડગલો.........છે.........પેટીમાં

My coat is in the box.
મારો ડગલો પેટીમાં છે.

(3--૩)

The goat is on the rock.
(ધ ગોટ ઇઝ ઑન ધ રૉક.)
તે બકરો છે ઉપર તે ખડક.

The goat......is......on the rock.
તે બકરો........છે......ખડક ઉપર.

The goat is on the rock.
તે બકરો ખડક ઉપર છે.

Page 56. પાનું ૫૬ મું.

oo ઉ. ook ઉક. book બુક.

book બુક.

b	oo	k	બુક. Book (બુક) ચોપડી, પુસ્તક, ગ્રંથ, કિતાબ.
c	oo	k	કુક. Cook (કુક) બબરચી, રસોઇઓ, રાંધનારો.
l	oo	k	લુક. Look (લુક) જોવું, નજર કરવી.

Ham (હૅમ) ડુક્કરની જાંગ-લટાંગડી.

Rook (રૂક) કાગડો, કાગ.
Tree (ટ્રી) ઝાડ, વૃક્ષ.

Page 57. પાનું ૫૭ મું.

(1—૧)

He has a book in his hand.
(હી હૅઝ આ બુક ઇન હીઝ હૅન્ડ.)
તે પાસેછે એક ચોપડી માં તેનાં હાથ.

He has a book.........in his hand.
તેની પાસે એક ચોપડી છે......તેનાં હાથમાં.

He has a book in his hand.
તેની પાસે (તેનાં) હાથમાં એક ચોપડી છે.

(2—૨)

Tell the cook to cut the ham.
(ટેલ ધ કુક ટુ કટ ધ હૅમ.)
કહો તે બબરચી કાપવાને તે ડુક્કરની જાંગ.

Tell the cook.........to cut the ham.
બબરચીને કહો............ડુક્કરની જાંગ કાપવાને.

Tell the cook to cut the ham.
બબરચીને ડુક્કરની જાંગ કાપવાને કહો.

(3—૩)

Look at the rook on the tree.
(લુક ઍટ ધ રૂક ઑન ધ ટ્રી.)
જુઓ તરફ તે-પેલો કાગડો ઉપર તે ઝાડ.

Look at the rook.........on the tree.
પેલા કાગડા તરફ જુઓ.........ઝાડપર.

Look at the rook on the tree.
ઝાડપર પેલા કાગડા તરફ જુઓ.

---

page 58. પાનું ૫૮ મું.

Fox, pig, and rat.
કોહળું, ડુક્કર, અને ઊંદર.

Into (ઇન્ટુ) માં, અંદર.
Said (સેડ) કહ્યું, બોલ્યું.
Sly (સ્લાઇ) લુચ્ચું, ખંધું.
Too (ટૂ) ઘણુંજ, બહુજ.

Big (બિગ) મ્હોટું,
Fat (ફૅટ) ઢોંગુ, માતેલું, જાડું, ચરબીદાર, ફરબે.
Yes (યસ) હા, ઠીક, વારૂ.
For (ફૉર) કારણ કે, કેમકે.
See (સી) જોવું, નજરે દેખવું.
so (સો) તેથી, તેને લીધે, તેટલા માટે.

---

page 58. પાનું ૫૮ મું.

(1—૧)

Fox, fox, fox.
(ફૉકસ, ફૉકસ, ફૉકસ.)
કોહલાં, કોહલાં, કોહલાં.

No, no, no.
(નો, નો, નો.)
નહીં, નહીં, નહીં.

Go into the box
(ગો ઇન્ટુ ધ બૉકસ.)
જા માં તે પેટી.

Said the sly fox.
(સેડ ધ સ્લાઇ ફૉકસ.)
કહ્યું તે લુચ્ચું કોહલું.

Go into the box.
તે પેટીમાં જા.

Said the sly fox.
તે લુચ્ચાં કોહલાંએ કહ્યું.

(2—૨)

Pig, pig, pig.
(પિગ, પિગ, પિગ.)
ડુક્કર, ડુક્કર, ડુક્કર.

I am too big
(આઇ ઍમ ટુ બિગ.)
હું છુ ઘણુંજ મોટું.)

I am too big,
હું ઘણુંજ મોટું છું.

Go into the box.
(ગો ઇન્ટુ ધ બૉકસ)
જા માં તે પેટી.

Said the fat pig.
(સૅડ ધ ફૅટ પિગ.)
કહ્યું તે ઢોંગું ડુક્કરનું બચ્ચું.

Go into the box. Said the fat pig.
પેલી પેટીમાં જા. પેલાં દોંગાં ડુક્કરનાં બચ્ચાંએ કહ્યું.

(3–૩)

Rat, rat, rat, Yes, said the rat.
(રૅટ, રૅટ, રૅટ,) (યસ, સૅડ ધ રૅટ)
ઉંદર, ઉંદર, ઉંદર. હા, કહ્યુ તે-પેલો ઉંદર.

Go into the box. Yes, said the rat.
(ગો ઇન્ટુ ધ બૉક્સ.) પેલા ઉંદરે કહ્યું, હા.
પેલી પેટીમાં જા.

For I see the cat.
(ફૉર આઈ સી ધ કૅટ.)
કારણુ કે હું જોવું તે-પેલી બિલાડી.

For I see..............the cat.
કારણુ કે હું જોઉં છું.........પેલી બિલાડી.

For I see the cat.
કારણુ કે હું પેલી બિલાડીને જોઉં છું.

So I go into the box.
(સો આઇ ગો ઇન્ટુ ધ બૉક્સ.)
તેથી હું જવું માં-અંદર તે-પેલી પેટી

So I go.........into the box.
તેથી હું જાઉંછું.........પેટીની અંદર.

So I go into the box.
તેથી હું પેટીની અંદર જાઉં છું.(ભરાંઉં છું.)

page 59. પાનું ૫૯ મું.

wool ઉલ.

ઉન.

Is made (ઇઝ મેડ) બનેલો છે.
So (સો) તેમ, તે પ્રમાણે, તેવું.
We got (વી ગોટ) આપણને મલે છે.
Keeps (કીપ્સ) બચાવે છે, રક્ષણ કરેછે.
Cold (કોલ્ડ) ઠંડી, ટહાડ.
Thank (થૅંક) ઉપકાર માનવો, આભાર માનવો.
You (યુ) તમે, તું.
Thank you (થૅંક યુ) તમારો ઉપકાર માનું છું.
Good (ગુડ) ભલું, નેક, રૂડું. સારૂં.
Nice (નાઇસ) સુંદર, સોભીતું, પસંદ પડતું, ખુશ કરે એવું.
Soft (સૉફ્ટ) નરમ, પોચું.

Page 59. પાનું ૫૯ મું.

(1—૧)

My coat is made of wool.
(માઇ કોટ ઇઝ મેડ ઑફ ઉલ.)
મારો ડગલો બનેલો છે નો ઉન.

My coat.........is made.........of wool.
મારો ડગલો.........બનેલો છે.........ઉનનો.

My coat is made.........of wool.
મારો ડગલો બનેલો છે.........ઉનનો.

My coat is made of wool.
મારો ડગલો ઉનનો બનેલો છે.

So is my cap.
(સો ઇઝ માઇ કૅપ)
તેમ છે મારી ટોપી.

So is my cap.
તેમજ મારી ટોપીબી છે. (ઉનની બનાવેલી.)

(2—૨)

We get wool from the sheep.
(ઉવી ગિટ ઉલ ફ્રૉમ ધ શીપ.)
આપણે મેલવવું ઉન માંથી ઘેટું.

We get wool.........from the sheep.
આપણુને ઉન મલે છે..........ઘેટાંમાંથી.

We get wool from the sheep.
આપણુને ઉન ઘેટાંમાંથી મલે છે.

It keeps us from the cold.
(ઇટ કીપ્સ અસ ફ્રૉમ ધ કોલ્ડ.)
તે બચાવે છે આપણુને થી ઠંડી.

It keeps us.........from the cold.
તે આપણુને બચાવે છે.........ઠંડીથી.

It keeps us from the cold.
તે આપણુને ઠંડીથી બચાવે છે.

(3–૩.)

Thank you, good sheep, for the nice
(થૅંક યુ, ગુડ શીપ, ફૉર ધ નાઇસ
ઉપકાર માનવો તમે, તું ભલું ઘેટું, માટે સુંદર

Soft white wool !)
સૉફ્ત ઉવ્હાઇટ ઉલ.
નરમ સફેત ઉન.

Thank you,..good sheep,..for the nice soft white wool!
તારો ઉપકાર માનું છું,...ભલાં ઘેટાં...સુંદર નરમ સફેત ઉનને માટે!

Thank you, good sheep, for the nice soft white wool.
ભલાં ઘેટાં, સુંદર નરમ સફેત ઉનને માટે તારો ઉપકાર માનું છું.

Page 60. પાનું ૬૦ મું.

The pet goat.

લાડકો બકરો.

Nell (નેલ) છોકરીનું નામ છે.
Pet (પેટ) વહાલું, લાડકું.
Long (લૉંગ) લાંબું.
Horns (હૉર્ન્સ) શિંગડાં.
Hair (હેર) બાલ, કેશ, વાળ.
Stands (સ્ટૅન્ડ્ઝ) ઉભી રહે છે.
Feeds (ફીડ્ઝ) ખવડાવેછે, ચરાવેછે.

Page. 60. પાનું ૬૦ મું.

(1-૧)

This is Nell and the pet goat.
(ધિસ ઇઝ નેલ ઍન્ડ ધ પેટ ગોટ.)
આ છે નેલ અને તે-પેલો લાડકો બકરો.

This is Nell......and the pet goat.
આ નેલ છે.........અને પેલો લાડકો બકરો.

This is Nell and the pet goat.
આ નેલ અને (તેનો) પેલો લાડકો બકરો છે.

(2–૨)

A goat has long horns and long hair.
(આ ગોટ હૅઝ લૅાંગ હૅાર્ન્સ ઍન્ડ લૅાંગ હેર.)
એક બકરો હોય છે લાંબાં શિંગડાં અને લાંબા બાલ.

A goat has......long horns and long hair.
બકરાને હોય છે...,...લાંબાં શિંગડાં અને લાંબા બાલ.

A goat has long horns and long hair.
બકરાને લાંબાં શિંગડાં અને લાંબા બાલ હોય છે.

(3--૩)

Nell stands and feeds the goat.
(નેલ સ્ટૅન્ડઝ ઍન્ડ ફીડઝ ધ ગોટ.)
નેલ ઉભી રહી છે અને ખવડાવે છે બકરો.

Nell stands......and feeds the goat.
નેલ ઉભી રહી છે......અને બકરાને ચારો ખવડાવે છે.

Nell stands and feeds the goat.
નેલ ઉભી રહી છે અને બકરાને ચારો ખવડાવે છે.

Page 61. પાનું ૬૧ મું.

God. ગૅાડ.

ખુદા, પરમેશ્વર.

God (ગૅાડ) ખુદા, પરમેશ્વર, ઇશ્વર, પ્રભુ.

Sees (સીઝ) જોય છે, દેખે છે, નજરે જુએ છે.

All (ઑાલ) સઘળું, સર્વ, બધું.
That (ધૅટ) જે, તે.
Do (ડૂ) કરવું, બજાવવું,
Good (ગુડ) માયાળુ, દયાળુ, કૃપાળુ, મેહેરબાન, ભલું.
To (ટુ) ઉપર, તરફ, સાથે.
To me (ટુ મી) મારી ઉપર.
Good to me મારી ઉપર માયાળું.
Gives (ગિવ્ઝ) આપે છે.
Need (નીડ) ગરજ અથવા જરૂર પડવી–હોવી.
I need (આઇ નીડ) મને ગરજ છે.

O (ઓ) હે, અરે.
O God (ઓ ગૉડ) હે ઇશ્વર !
Help (હેલ્પ) મદદ કરવી–આપવી, સહાય થવું.
Help me (હેલ્પ મી) મને મદદ કર.
Be (બી) થવું, હોવું.
To be good (ટુ બી ગુડ) ભલા થવાને, નેક થવાને.
Keep (કીપ) બંચાવવું, સંભાળવું, રક્ષણ કરવું.
Keep me (કીપ મી) મને બંચાવ.
Sin (સિન) પાપ, ગુનાહ.

Page 61. પાનું ૬૧ મું.

(1—૧)

God sees me.
(ગૉડ સીઝ મી.)
ઇશ્વર જુએ છે મને.

God sees me.
ઇશ્વર મને જુએ છે.

He sees all that I do.
(હી સીઝ ઑાલ ધૅટ આઇ ડૂ)
તે જુએ છે સઘળું જે હું કરવું.

He sees all........that I do.
તે સઘળું જુએ છે......જે હું કરૂછું તે.

He sees all that I do.
જે હું કરૂં છું તે સઘળું તે જુએ છે.

(2–૨.)

God is good to me.
(ગૅાડ ઇઝ ગુડ ટુ મી.)
ઇશ્વર છે માયાળુ મારી ઉપર.

God is good......to me.
ઇશ્વર માયાળુ છે.........મારી ઉપર.

God is good to me.
ઇશ્વર મારી ઉપર માયાળુ છે.

He gives me all that I need.
(હી ગિવ્ઝ મી ઑાલ ધૅટ આઇ નીડ.)
તે આપે છે મને સર્વ જે મને ગરજ છે,

He gives me all......that I need.
તે સર્વ મને આપે છે......જેની મને ગરજ છે તે.

He gives me all that I need.
જેની મને ગરજ છે તે સર્વ મને તે આપે છે.

(3–૩)

O God! help me to be good,
(ઓ ગૅાડ ! હેલ્પ મી ટુ બી ગુડ,
હે ઇશ્વર ! મદદ કરવી મને નેક થવાને,

and keep me from sin.
ઍન્ડ કીપ મી ફ્રૅામ સિન.)
અને બચાવવું મને થી પાપ.

O God! ...help me......to be good,
હે ઇશ્વર! ...મને મદદ કર........નેક થવાને,
and keep me......from sin.
અને મને બચાવ......પાપથી.

O God! help me to be good...
હે ઇશ્વર! નેક થવાને મને મદદ કર....
and keep me from sin.
અને પાપથી મને બચાવ.

O God! help me to be good,
હે ઇશ્વર! નેક થવાને મને મદદ કર,
and keep me from sin.
અને પાપથી મને બચાવ.

Page 62. પાનું ૬૨ મું.

અંગ્રેજી સંખ્યાનાં નામો.	અંગ્રેજી આંકડા.	ગુજરાતી આંકડા.
One (ઉવન) એક.	1 ઉવન	૧ એક.
Two (ટૂ) બે.	2 ટૂ	૨ બે.
Three(થ્રી) ત્રણ.	3 થ્રી	૩ ત્રણ.
Four (ફોર) ચાર.	4 ફોર	૪ ચાર.
Five (ફાઈવ) પાંચ.	5 ફાઈવ	૫ પાંચ.
Six (સિકસ) છ.	6 સિકસ	૬ છ.
Seven(સેવન) સાત.	7 સેવન	૭ સાત.
Eight(એઈટ) આઠ.	8 એઈટ	૮ આઠ.
Nine (નાઇન) નવ.	9 નાઈન	૯ નવ.
Ten (ટેન) દસ.	10 ટેન	૧૦ દસ.

Page 63. પાનું ૬૩ મું.

Addition ઍડિશન.

સરવાળો.

One	and	one	are	Two.	Are.
(વન	ઍન્ડ	વન	આર	ટૂ.)	થાય છે.
એક	ને	એક		બે	થાયછે.
Two	and	one	are	Three.	
(ટૂ	ઍન્ડ	વન		થ્રી.)	
બે	ને	એક		ત્રણ	થાયછે.
Three	and	one	are	Four.	
(થ્રી	ઍન્ડ	વન		ફોર.)	
ત્રણ	ને	એક		ચાર	થાયછે.
Four	and	one	are	Five.	
(ફોર	ઍન્ડ	વન		ફાઈવ.	
ચાર	ને	એક		પાંચ	થાયછે.
Five	and	one	are	Six.	
(ફાઇવ	ઍન્ડ	વન		સિક્સ.)	
પાંચ	ને	એક		છ	થાયછે.
Six	and	one	are	Seven.	
(સિક્સ	ઍન્ડ	વન		સેવન.)	
છ	ને	એક		સાત	થાયછે.

Seven and one are Eight.
(સેવન ઍન્ડ ઉવન એઇટ.)
સાત ને એક આઠ થાયછે.

Eight and one are Nine.
(એઇટ ઍન્ડ ઉવન નાઇન.)
આઠ ને એક નવ થાયછે.

Nine and one are Ten.
(નાઇન ઍન્ડ ઉવન ટેન.)
નવ ને એક દસ થાયછે.